જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૧૦/૨૦૨૧ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૮૩૦/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૭/૧૦/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧							
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત							
અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૭૭	૦	૧૧૬૭૭	૧૭૭૮૮	૦	૧૭૭૮૮
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૧૫	૧	૧૧૬	૩૯૩	૦	૩૯૩
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૨૧૮૭	૫૩	૭૨૨૪૦	૭૩૨૦૭	૫૬	૭૩૨૬૩
કુલ		૮૮૭૧૨	૫૪	૮૮૭૬૬	૯૭૬૭૦	૫૬	૯૭૭૨૬

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૪૪	૩,૬૬,૯૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૭૧૧	૭,૧૧,૦૦૦/-

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૮૩૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯૫ કેસ કરી, ૨૯૧ વ્યક્તિઓને ઝડપી, ૧૦૮૮ લીટર દેશી દારૂ, ૦૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૦૭ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૦૩ બિયર ટીન અએન ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૧૧ કેસ કરી ૨૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૩,૭૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૮૩૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૮૩૩/૨૦૨૧**

વસ્ત્રાપુરઃ નીતા રાજેશભાઇ શાહ (ઉ.વ.૩૯) (રહે. સત્કાર એપાર્ટમેન્ટ બાલાજી પ્લાઝા પાસે જજીસ બંગ્લોઝ રોડ બોડકદેવ) એ તા.૦૭/૧૦/૨૦૨૧ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૬/૨૦૨૧ ના રોજ નીતા શાહના મિત્ર યશ ઉર્ફે હીરેનભાઈ વૈધ (રહે. રાધાક્રીષ્ણ એપાર્ટમેન્ટ નારાયણનગર રોડ પાલડી)એ નીતા શાહ નાઓની ક્રેટા કાર નંબર જીજે ૦૧ એચ.વાય.૭૬૯૫ લઈ જઈ પરત નહી આપી અન્ય વ્યક્તિને વેચાણ કરી રૂપિયા ૮,૦૦,૦૦૦/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ શ્રી એચ.ડી.મકવાણા ચલાવે છે.

ખાડીયાઃ ઇબ્રાહીમ મોહમદઅલી ખાન (ઉ.વ.૩૬) (રહે. બીસમીલ્લા ડુપ્લેક્ષ બેરલ માર્કેટ દાણીલીમડા) એ તા.૦૭/૧૦/૨૦૨૧ ના રોજ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૦૯/૨૦૨૧ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે માણેકચોક ખાતે ૨૪ કેરેટ બિલ્ડીગમાં સોના-ચાંદીના ઘરેણા વેચવાનુ કામ કરતા યોગેશભાઇ લોભાભાઇ મંડેલકરએ ઇબ્રાહીમ ખાન સોનાના દાગીના બનાવતા હોઈ, ઇબ્રાહીમ ખાનને સોનાના દાગીના બનાવવાનો ઓર્ડર આપી, તેમની પાસેથી ૪૩૪ ગ્રામ ૧૨૦ મીલી વજનના સોનાના દાગીના કિમત રૂપિયા ૧૯,૨૧,૩૭૪/- મેળવી લઇ, સોનાના અને ઘડામણની મજુરીના રૂપિયા આજદીન સુધી ઇબ્રાહીમ ખાનને નહી આપી, યોગેશભાઇ પોતાની દુકાન બંધ કરી જતા રહી, ઇબ્રાહીમ ખાન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ શ્રી એમ.એમ.પરમાર ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૮૩૪/૨૦૨૧**

અમરાઇવાડીઃ નર્મદાબહેન વા/ઓ પ્રકાશચન્દ્ર દવે (ઉ.વ.૪૬) (રહે. ન્યુ હય ભવાનીનગર પોસ્ટ ઓફીસ સામે અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૦૬/૧૦/૨૦૨૧ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૭/૧૦/૨૦૨૧ કલાક ૦૦/૪૫ વાગે મૃત્યુ નિપજયું હતુ. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એન.એમ.બારોટ ચલાવે છે.

અમરાઇવાડીઃ જ્યોતિબહેન ડો/ઓ રામબરન ગુપ્તા (ઉ.વ.૨૪) (રહે. બંસીલાલની ચાલી ગુલાબનગર સુખરામનગર પાસે અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૦૭/૧૦/૨૦૨૧ સવારના ૧૦/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ જીવણભાઇ ચલાવે છે.

રામોલઃ મહેશસિહ અરવિંદસિહ ચાવડા (ઉ.વ.૨૫) (રહે. જલસાગર સોસાયટી સ્વામિનારાયણ ગુરૂકુલ સામે વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૦૭/૧૦/૨૦૨૧ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતમાં લગાવેલ લોખંડના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયસિંહ પર્વતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.